GJAH221532302021

રજુ તારીખ : ૨૦–૧૧–૨૦૨૧
રજી. તારીખ : ૨૧–૧૧–૨૦૨૧
નિકાલ તારીખ: ૧૭–૦૨–૨૦૨૫
સમય અવધિ : વર્ષ માસ દિવસ
૦૩ – ૦૨ – ૨૭

ના. સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRI)NO. (S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર–VI ના 179A અન્વયેના નોટીફીકેશન નંબર: સી–૨૦૦–૯૩, તા. ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરેલા પ્રફોર્મા મુજબ.

## FORM- A

**અમદાવાદના મહેરબાન બીજા એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૬, અમદાવાદ. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નંબર.૧૪૩૦૫૩/૨૦૨૧**

**આંક–૩૧**

**એફ.આઈ.આર. ની વિગતો/ગુના અને પોલીસ સ્ટેશન ::–**

(સેટેલાઈટ પો.સ્ટે. પાર્ટ એ. ૧૧૧૯૧૦૪૨૨૧૦૪૯૧/૨૦૨૧, ઈ.પી.કોડ કલમ: ૩૯૪, ૨૯૪(ખ), ૩૨૩, ૩૨૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) મુજબ)

**ફરિયાદી:–** શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)
મુળ ફરિયાદી– સુરેશભાઈ અશોકભાઈ પારઘી ,ઉવ. પુખ્ત.

**વિ. એ.પી.પી.શ્રી:–** સુ. શ્રી. નિમીષાબેન શાહ

**આરોપી:–** હસમુખ અશ્વિનભાઈ મકવાણા, ઉવ.પુખ્ત.
રહેવાસી:મકાન નં.આઈ/૧૬૯, મહેનતપુરા,
આંબેડકરનગર કોલોની, એલીસબ્રીજ,
અમદાવાદ શહેર.

**આરોપી તરફે વિ.વકીલશ્રી:–** ડી. જે. સોલંકી.

## FORM - B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ:– | ૧૨/૦૯/૨૦૨૧ |
| એફ.આઈ.આર ની તારીખ:– | ૧૩/૦૯/૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ:– | ૨૦/૧૧/૨૦૨૧ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ:– | ૧૧/૦૭/૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યા તારીખ :– | ૧૫/૦૩/૨૦૨૩ |
| હુકમ માટે રાખાવામાં આવેલ તારીખ:– | ૧૦/૦૨/૨૦૨૫ |
| હુકમ તારીખ:– | ૧૭/૦૨/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | ૧૭/૦૨/૨૦૨૫ |

**આરોપીઓની વિગતો:–**

| આરોપી નંબર | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીનમુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવા માં આવ્યા કે કસુર વાર? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કોડ નીકલમ:૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમીયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | હસમુખ અશ્વિનભાઈ મકવાણા, ઉવ.પુખ્ત. | ૨૧/૯/૨૧ | જામીન મુકત | ઈ.પી.કોડ કલમ: ૩૯૪, ૨૯૪(ખ), ૩૨૩, ૩૨૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ: ૧૩૫ (૧) મુજબ. | નિર્દોષ | .... | .... |

## FORM-C

**<u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ.</u>**

(એ) <u>ફરિયાદપક્ષ તરફે</u>:–

**–: <u>ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો</u> :–**

| સાહેદ નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | સુરેશભાઈ અશોકભાઈ પારધીની જુબાની. | ફરીયાદી | ૬ |
| ૨ | યોગીતાબેન સુરેભાઈ પારધીની જુબાની. | સાહેદ | ૧૩ |
| ૩ | પ્રકાશભાઈ સુરેશભાઈ પારધી ની જુબાની. | સાહેદ | ૧૪ |
| ૪ | કરસનભાઈ વસરામભાઈ સોલંકીની જુબાની. | સાહેદ | ૧૫ |
| ૫ | કમલેશભાઈ મગનભાઈ મોરાડીયાની જુબાની. | સાહેદ | ૧૬ |
| ૬ | ડો. આયુષીબેન ભરતકુમાર શાહની જુબાની. | ડોકટર સાહેદ | ૧૭ |
| ૭ | હર્ષવર્ધન ધર્મેન્દ્રભાઈ વાઘેલાની જુબાની. | સાહેદ | ૧૯ |
| ૮ | મનોજભાઈ વસ્તાભાઈ મકવાણાની જુબાની. | પંચ સાહેદ | ૨૦ |
| ૯ | જયેશભાઈ ઈશ્વરભાઈ ચૌહાણની જુબાની. | સાહેદ | ૨૩ |
| ૧૦ | ઈશ્વરભાઈ એ. પરમારની જુબાની. | સાહેદ | ૨૪ |
| ૧૧ | મહેન્દ્રસિંહ ઘેલાભાઈ લીમ્બોલાની જુબાની. | ત.ક.અમલદાર | ૨૫ |
| ૧૨ | ડો. જીજ્ઞાશા મહેશભાઈ પરીખની જુબાની. | મેડીકલ ઓફીસર | ૨૬ |

**ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:–**

| અ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીની ફરીયાદ તા. ૧૩/૦૯/૨૦૨૧. | ૭ |
| ૨. | સીસીટીવી ફુટેજની કોપી કરેલ ડીવીડી | ૯ |
| ૩. | ફરીયાદીના દીકરાને ઈજાના ફોટોગ્રાફસ કુલ –૬ સંયુકત આંક | ૧૦ |
| ૪. | સોનાની ચેઈન નુ અસલ બીલ | ૧૧ |
| ૫. | એસવીપી હોસ્પીટલનુ પ્રકાશ સુરેશભાઈ પારધીનુ ઈજા અંગેનુ સર્ટીફીકેટ. તા. ૧૭/૯/૨૦૨૧. | ૧૮ |
| ૬. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૦ |

| | | |
|---|---|---|
| ૭. | હથીયાર બંધીનુ જાહેરનામુ (બચાવપક્ષે કબુલ) | ૨૨ |
| ૮. | નગરી મ્યુની. આંખની હોસ્પીટલનુ મેડીકલ સર્ટીફીકેટ | ૨૭ |
| ૯. | મુદ્દામાલ હથીયાર લાકડી કબજે લીધાનુ પંચનામુ (બચાવપક્ષે કબુલ) | ૨૮ |

**(બી) બચાવપક્ષ તરફે,**

| સાહેદ નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| – | –– | –– | – |

**(સી) કોર્ટ સાહેદો તરફે,**

| સાહેદ નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| – | –– | –– | – |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો:–**

| અ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| –– | –– | –– |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો:–**

| અ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| –– | –– | –– |

## મુદ્દામાલની વિગત

**મુદ્દામાલ પાવતી**

| **અ. નં.** | **આર્ટીકલ નંબર** | **મુદ્દામાલની વિગત** |
|---|---|---|
| ૧ | મુદ્દામાલ પાવતી.૧૧૩ /૨૦૨૧. | એક વાંસની લાકડી |

## -: <u>ચુકાદો</u> :-

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૨/૦૯/૨૦૨૧ ના ૧૭:૩૦ વાગ્યાની આસપાસ સાહેદ નં.૮ તથા સાહેદ નં.૧૧ તથા તેમનો મિત્ર ઉમંગ નગવાડીયા નાઓ શ્રેયસ ક્રોસિંગ પોપટલાલ ગાર્ડન પાસે ક્રિકેટ રમી અંદરો-અંદર ખુશ થતા હોય તે દરમ્યાન આરોપી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરો ત્યાં આવી સાહેદ નં.૮ સાથે બોલાચાલી ઝઘડો કરી કિશોર નં.૧ ભાગર્વ નાઓના હાથમાં રહેલ પાઈપથી સાહેદ નં.૮ ને માથાના ભાગે ડાબી બાજુ મારી દઈ આરોપી તથા કિશોર નં.૨ ચેતન નાઓ મળી મોઢા ઉપર તેમજ શરીરે ગડદાપાટુનો માર મારી તેમજ સાહેદ નં.૮ પ્રકાશ નાઓએ ગળામાં રાખેલ સોનાની ચેઈન કિમત રુા.૨૭,૮૦૦/- લુંટી જઈ સાહેદ નં.૮ ને માથાના ભાગે ડાબી બાજુ તથા ડાબી આંખ ઉપર તથા ગરદાનના ભાગે ઈજાઓ કરી, મહે. પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ, આ બનાવ અંગેની જાહેરાત સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં કરવામા આવતાં સેટેલાઈટ પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૨૨૧૦૪૯૧/૨૦૨૧ થી ગુનો દાખલ થયેલ.

(૨) તપાસ કરનાર ધ્વારા તપાસ પુર્ણ થયેથી તહોમતદાર વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ ૩૯૪, ૨૯૪(ખ), ૩૨૩, ૩૨૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) મુજબનો ગુન્હો આચર્યા સંબધેનુ ચાર્જશીટ દાખલ કરેલ, જે ચાર્જશીટ ફોજદારી કેસ નંબર ૧૪૩૦૫૩/૨૧ થી અદાલતના રજીસ્ટરે દાખલ થયેલ છે. સદર કેસ આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે આ અદાલતને તબદીલ કરવામાં આવેલ છે.

(૩) આ કામના બંને તહોમતદારોને પ્રોસેસ ઈસ્યુ કરવામા આવતા તહોમતદારને પ્રોસેસની બજવણી થતા તેઓ તેમના વિ.વ.શ્રી. સાથે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ અને તહોમતદારને સી. આર.પી.સી. ની કલમ– ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો સુપ્રત કર્યાની ખાત્રી કરવામાં આવેલ છે. અત્રેની અદાલત ધ્વારા તહોમતદાર સામે આંક–૩ થી તહોમતનામુ ફરમાવી, આંક–૪ મુજબનુ નિવેદન નોંધેલ છે,જે નિવેદનમાં તહોમતદારે તેમની વિરુધ્ધના તહોમતનો ઈન્કાર કરેલ છે.

(૪) વધુમા ફરીયાદપક્ષ તરફે ઉપરોકત ફોર્મે નં.સી. મા જણાવ્યા મુજબ મૌખીક પુરાવો રજુ થયેલ છે. તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ, ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ની કલમ: ૩૧૩ મુજબ તહોમતદારનુ વિશેષ નિવેદન તા.૨૯/૦૧/૨૫ના રોજ નોંધવામા આવેલ છે. જેમા તહોમતદાર ધ્વારા આ કામે ફરીયાદપક્ષના આક્ષેપો ખોટા હોવાનુ જણાવી પોતે નિર્દોષ હોવાની રજુઆત કરેલ છે તેમજ તહોમતદારે સોગંદ ઉપર જુબાની આપવાનો અને બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે.

(૬) વધુમાં હાલનું કામ આખરી દલીલો માટે રાખતા ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી. એન.જી. શાહ નાઓ ધ્વારા તેઓની મૌખીક દલીલો દરમીયાન રેકર્ડ ઉપરના પુરાવાઓ તરફ અત્રેની અદાલતનુ ધ્યાન દોરી જણાવેલ છે કે, બનાવ તારીખ : ૧૨/૦૯/૨૦૨૧ના રોજ સાંજના કલાક: ૧૭/૩૦ ની આસપાસ ફરીયાદીના દીકરા પ્રકાશ સુરેશભાઈ પારઘી તથા તેમના મીત્રો અમદાવાદ શહેરમા આવેલ શ્રેયસ ક્રોસીંગ રોડ પોપટલાલ ગાર્ડન પાસે ક્રિકેટ રમી રહેલ હોય ત્યારે આ કામના આરોપી તથા અન્ય કાયદાના સંઘર્ષમા આવેલ ચાર્જશીટના કોલમ નં.૨.મા બતાવેલ આરોપીઓએ ફરીયાદીના દીકરા તથા તેના મીત્રોને ગાળો બોલતા તેઓ ત્યાથી નીકળી ગયેલ અને તેઓ સેટેલાઈટ શ્રેયસ ક્રોસીંગ રોડ પ્રકૃતિ કું

જ સોસાયટી સામે રોડ ઉપર પહોંચતા હાલના આરોપી તથા તેમની સાથેના કાયદાના સંઘર્ષમા આવેલ ચાર્જશીટના કોલમ નં.૨.મા દર્શાવેલ કિશોરો ધ્વારા ફરીયાદીના દીકરા સાથે બોલાચાલી ઝઘડો કરી ફરીયાદીના દીકરાને પાઈપ થી તેમજ પથ્થર થી ઈજાઓ પહોંચાડી અને ફરીયાદીના દીકરાએ ગળામા પહેરેલ સોનાની ચેઈન કીંમત રુ.૨૭,૮૦૦/– ની લુંટી જઈ ફરીયાદમા જણાવ્યા મુજબનો ગુનો કરેલ છે. આ કામે રજુ થયેલ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદ અને નજરે જોનાર સાહેદના મૌખીક પુરાવાથી ફરીયાદને સમર્થન મળી રહે છે. આ કામે તપાસવામા આવેલ ડોકટર સાહેદોનો મૌખીક પુરાવો ધ્યાને લેતા, ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળી રહે છે. રજુ થયેલ પુરાવાઓથી ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરવામાં સફળ રહેલ હોય હાલના આરોપીને યોગ્ય સજા કરવા અરજ ગુજારેલ છે.

(૭) વધુમા બચાવપક્ષના વિ.વકીલશ્રી. ડી. જે. સોલંકીનાઓ ધ્વારા આ કામે તા.૩૦/૧/૨૦૨૫ના રોજ મૌખીક દલીલો કરવામા આવ્યા બાદ તા. ૩/૨/૨૫ ના રોજ આંક–૩૦ થી તેમની લેખીત દલીલો રજુ કરવામા આવેલ છે. જે આંક–૩૦ થી રજુ લેખીત દલીલો ધ્યાનપુર્વક વંચાણે લેવામા આવેલ છે. બચાવપક્ષના વિ.વ.શ્રી. ધ્વારા તેમની મૌખીક તથા લેખીત દલીલોમા રેકર્ડ ઉપરના પુરાવાઓનો વિગતવાર ઉલ્લેખ કરી, વિશેષમા જણાવેલ છે કે, બનાવ વખતે આ કામના ફરીયાદી બનાવ સ્થળે હાજર ન હતા. આ બનાવ ફરીયાદીએ નજરો નજર જોયેલ નથી. બનાવ બની ગયા બાદ ફરીયાદી બનાવ સ્થળે પહોંચેલ છે. વધુમા, આ કામે ફરીયાદીએ તા.૧૩/૯/૨૦૨૧ ના રોજ આપેલ ફરીયાદમા બનાવ સમયે તેમના દીકરા પ્રકાશભાઈએ પોતાના ગળામા સોનાની ચેઈન પહેરેલ હોવાનુ લખાવેલ નથી. ફરીયાદી શ્રી ધ્વારા પાછળથી તેમના મૌખીક પુરાવામા સોનાની ચેઈન બાબતે ખોટી હકીકતો

જણાવવામા આવેલ છે. વધુમાં, રજુ થયેલ ડોકટર સાહેદ શ્રી આયુષીબેન શાહ નો મૌખીક પુરાવો ધ્યાને લેતા, બનાવમા આ કામના ફરીયાદીના દીકરા પ્રકાશભાઈને સામાન્ય ઈજાઓ થયેલ છે. તપાસ કરનાર અમલદાર ધ્વારા આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામા આવેલ નથી. કોઈપણ સાહેદે આ બનાવ નજરો નજર જોયેલ નથી. બનાવમા ભોગ બનનાર સાહેદ પ્રકાશભાઈનો મૌખીક પુરાવો ધ્યાને લેતા, તેઓને કોણે ઈજા પહોંચાડેલી તે જોયેલ નથી. વધુમાં , ફરીયાદી શ્રી ધ્વારા આ બનાવ બાબતેની ખોટી પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવતા કાયદાના સંઘર્ષમા આવેલ કીશોર નામે ચેતન ઉર્ફે ચીન્ટુ નરેશભાઈ નાગવાડીયાનાઓએ ગભરાઈ જઈ નદીમા કુદીને આત્મહત્યા કરી લીધેલ છે. જે બાબતે ફરીયાદી વિરુધ્ધ ઈ.પી.કોડ કલમ: ૩૦૬નો ગુનો નોંધાયેલ છે અને જે કામે ફરીયાદીની ધરપકડ પણ કરવામાં આવેલ છે. સદર કામે પોલીસે હાલના આરોપી પાસેથી કોઈ ગુનાહીત મુદ્દામાલ કબજે કરેલ નથી. આંક–૨૮ થી કબુલ રાખવામા આવેલ મુદ્દામાલ હથીયાર લાકડી કબજે લીધાનુ પંચનામુ ધ્યાને લેતા, સદર મુદ્દામાલ લાકડી પોલીસ સમક્ષ કાયદાના સંઘર્ષમા આવેલ કીશોર નામે ભાર્ગવ જયંતીભાઈ જોગેલનાઓએ રજુ કરેલ છે. હાલના કામે તપાસવામાં આવેલ ગુનાવાળી જગ્યાના પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. વધુમાં, હાલના આરોપી વિરુધ્ધ અન્ય કોઈ ગુના નોંધાયલ નથી. આરોપી ગરીબ પરીવારમાંથી આવે છે. આરોપીના માતા પિતા અવસાન પામેલ છે. આરોપી હાલ તેના કાકા સાથે રહે છે. જો આરોપીને સજા કરવામાં આવે તો તેનુ ભવિષ્ય બગડી જાય તેમ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૮) આ ફોજદારી કેસને નિર્ણિત કરવા માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે :–

(૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું પુરવાર કરી શકેલ છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે તહોમતદાર હસમુખ અશ્વીનભાઈ મકવાણા નાઓએ ભોગ બનનાર સાહેદ પ્રકાશભાઈ સુરેશભાઈ પારધીનાઓએ ગળા મા પહેરેલ સોનાની ચેઈનની લુંટ કરી અને લુંટ કરવાની કોશીષ કરતી વખતે સાહેદ પ્રકાશભાઈ સુરેશભાઈ પારધીનાઓને સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૪ મુજબનો ગુનો ગુન્હો આચરેલ છે?

(૨) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું પુરવાર કરી શકેલ છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે તહોમતદાર હસમુખ અશ્વીનભાઈ મકવાણા નાઓએ ભોગ બનનાર સાહેદ પ્રકાશભાઈ સુરેશભાઈ પારધીનાઓને સ્વૈચ્છાપુર્વક વ્યથા પહોંચાડી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ મુજબનો ગુનો ગુન્હો આચરેલ છે?

(૩) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું પુરવાર કરી શકેલ છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે તહોમતદાર હસમુખ અશ્વીનભાઈ મકવાણા નાઓએ ભોગ બનનાર સાહેદ પ્રકાશભાઈ સુરેશભાઈ પારધીનાઓને પથ્થર જેવા તીક્ષ્ણ હથીયારથી સ્વૈચ્છાપુર્વક વ્યથા પહોંચાડી ભારતીય દંડ સં હિતાની કલમ–૩૨૪ મુજબનો ગુનો ગુન્હો આચરેલ છે?

(૪) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબીત કરી શકેલ છે કે, બનાવની તારીખે, સમયે, સ્થળે તહોમતદાર હસમુખ અશ્વીનભાઈ મકવાણાએ આ કામના સાહેદ પ્રકાશભાઈ સુરેશભાઈ પારધીનાઓને બિભત્સ શબ્દો જાહેરમાં બોલી જાહેર જનતાને ત્રાસ થાય તેવુ કૃત્ય કરી ભારતીય દંડ સંહીતાની કલમ: ૨૯૪(ખ) મુજબનો ગુન્હો આચરેલ છે?

(૫) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબીત કરી શકેલ છે કે, બનાવની તારીખે, સમયે, સ્થળે મહે. પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરનુ હથીયારબંધીનુ જાહેરનામુ અમલમા હોવા છતાં, આ કામના તહોમતદાર હસમુખ અશ્વીનભાઈ મકવાણાનાઓએ જાતે પોતાના હાથમા સ્વૈચ્છીક રીતે લાકડી તથા પથથરો જેવા હથીયાર ધારણ કરી ગુજરાત પોલીસ અધીનીયમની કલમ: ૧૩૫(૧) મુજબનો ગુન્હો આચરેલ છે?

(૬) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદૃાઓ સંબંધે નિર્ણય નીચે મુજબ છે :-

**૧.** નકારમાં

**૨.** નકારમાં,

**૩.** નકારમાં,

**૪.** નકારમાં,

**૫.** નકારમાં,

**૬.** આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણય સંબંધી કારણો નીચે મુજબ છે.

**-: કારણો :-**

(૧૦) **મુદૃા નં.૧ થી ૫ :-**

હાલના કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓની ચર્ચા કરતા પહેલા એ હકીકત ધ્યાને રાખવી ખુબ જ આવશ્યક છે કે, ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ વાજબી શંકાથી પર સાબિત કરવાનો રહે છે,એટલે કે કેસ પુરવાર કરવાનો બોજો ભારતીય પુરાવા અધિનિયમની કલમ : ૧૦૧ મુજબ ફરીયાદપક્ષ ઉપર રહે છે. જો ફરીયાદપક્ષ ભારતીય પુરાવા અધિનિયમની કલમ : ૧૦૧ ના પ્રથમ ભાગ મુજબ પોતાના પુરાવાથી પોતાનો કેસ સાબિત કરવામાં સફળ રહે તો ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ: ૧૦૧ ના બીજા ભાગ મુજબ આરોપીઓ વિરૂધ્ધ રેકર્ડ ઉપર આવેલ પુરાવા અંગે વાજબી ખુલાશો કરવાની જવાબદારી આરોપીઓ ઉપર રહે છે.

(૧૦.૧)વધુમા, ભારતીય દંડ સંહીતાની કલમ: ૩૯૪ વંચાણે લેતા, - '' લુંટ કરતા અથવા લુંટ કરવાની કોશીષ કરતા કોઈ વ્યકિત સ્વૈચ્છાપુર્વક વ્યથા કરે તો તેને અને તેની સાથે લુંટ કરવામાં અથવા લુંટ કરવાની કોશીષ કરવામાં સંડોવાયેલ

અન્ય વ્યકિતને આજીવન કેદની અથવા ૧૦ વર્ષ સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર પણ થશે.''

**(૧૦.૨)**વધુમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૧૯ માં આપવામાં આવેલ **''વ્યથા''** શબ્દની વ્યાખ્યા ધ્યાને લેતા – *''જે કોઈ વ્યકિત, બીજી કોઈ વ્યકિતને શારિરીક પીડા, રોગ કે અશકિત ઉપજાવે તો તેણે તેને વ્યથા કરી કહેવાય.''*

**(૧૦.૩)**વધુમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૧ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ *''જે કોઈ વ્યકિતને વ્યથા કરવાના ઈરાદાથી અથવા વ્યથા થવાનો સંભવ છે તેની જાણકારી સાથે જે કોઈ વ્યકિત જે કોઈ કૃત્ય કરે અને તે કરીને તેને વ્યથા કરે તેને સ્વેચ્છાપુર્વક વ્યથા કરી કહેવાય.''*

**(૧૦.૪)**વધુમા, ભારતીય દંડ સંહીતાની કલમ: ૩૨૩ વંચાણે લેતા,– '' જે કોઈ વ્યકિત, ૩૩૪મા જણાવેલા સંજોગો હોય તે સિવાય, સ્વૈચ્છાપુર્વક વ્યથા કરે, તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ એક પ્રકારની કેદની અથવા રૂ.૧,૦૦૦/– સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.''

**(૧૦.૫)** વધુમા, ભારતીય દંડ સંહીતાની કલમ: ૩૨૪ વંચાણે લેતા, – '' જે કોઈ વ્યકિત કલમ: ૩૩૪ મા જણાવેલ સંજોગો હોય તે સિવાય, ગોળી છોડવાના, ભોંકવાના કે કાપવાના સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથીયાર તરીકે વાપરવાથી મોત નીપજવાનુ સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે કોઈ તપાવેલ પદાર્થ વડે અથવા કોઈ ઝેર કે ક્ષયજનક પદાર્થ વડે અથવા કોઈ વિસ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમા લેવામાથી કે ગળી જવાથી કે લોહીમા ભળવાથી માનવ શરીરને નુકશાનકારક હોય તેવા પદાર્થ વડે અથવા કોઈ પશુ મારફતે સ્વૈચ્છાપુર્વક વ્યથા કરે, તેને ત્રણ વર્ષ સુધીની બેમાથી કોઈ એક પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને સજા કરવામાં આવશે.

**(૧૦.૬)** વધુમા, ભારતીય દંડ સંહીતાની કલમ: ૨૯૪(ખ)વંચાણે લેતા, –

ઈ.પી.કોડ કલમ: ૨૯૪(ખ):– અશ્લીલ કૃત્યો અને ગીતો –

જે કોઈ વ્યકિત બીજાને ત્રાસ થાય એ રીતે –

(ક) ............. અથવા –

(ખ) કોઈ જાહેર સ્થળે કે તેની નજીકમા કોઈ અશ્લીલ ગીત ગાય અશ્લીલ કાવ્ય સંભળાવે કે અશ્લીલ શબ્દો ઉચ્ચારે, તેને ત્રણ મહીના સુધીની બેમાથી કોઈ એક પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**(૧૧)** ઉપરોકત સિધ્ધાંતને લક્ષ્ય પર રાખી હાથ પરના કિસ્સામાં રજુ કરવામાં આવેલ પુરાવાની ચર્ચા કરવામા આવે તો આ કામના ફરિયાદ પક્ષ ધ્વારા **આંક–૬ થી ફરીયાદી શ્રી સુરેશભાઈ અશોકભાઈ પારઘી** નો મૌખીક પુરાવો રજુ કરવામા આવેલ છે. બનાવ તા. ૧૨/૦૯/૨૦૨૧ ના રોજ બનેલ, બનાવ દિવસે તેઓ તથા તેમની પત્ની યોગીતા સાંજે પાંચ વાગ્યાના અરસામા અમદાવાદ ખરીદી કરવા ગયેલ અને તેમના દિકરા પ્રકાશનો ફોન આવેલ કે, હું ક્રિકેટ રમવા માટે પોપટલાલના બગીચા પાસે જાઉ છુ અને તેમણે સામે સવાલ કરેલ કે તું ચીમનભાઈ ગ્રાઉન્ડ પાસે રમવા જતો હતો ત્યા કેમ નથી જતો તો તેમના દીકરાએ જવાબ આપેલ કે, ત્યાં વરસાદના કારણે પાણી ભરાયેલ છે તેથી તે જતો નથી જેથી તેઓએ દીકરાને રમવા જવા માટે હા પાડેલી, અને તેઓ સીટીમાંથી પરત આવ્યા બાદ અશ્વિનભાઈ ચાવડાએ તેમને જણાવેલ કે, તારા છોકરાને મિથીલા સોસા. બોર્ડ પાસે પ્રકૃતિકુંજ સોસા. ના બંગલાની સામે અજાણ્યા શખ્સ મારી રહયા છે તેથી તેઓ ત્યાં પહોચેલ જયાં ત્રણ શખ્સ હતા તે તેમને જોઈને ભાગી ગયેલ અને તેમના છોકરાએ તેમને કહેલ કે, ત્રણ જણા પૈકી એક જણાએ તેમને માથામાં પાઈપ મારેલ, બીજાએ આંખના ભાગે પથ્થર મારેલ અને ત્રીજો ગડદાપાટુ મારતો

હતો, વધુમાં સાહેદ જણાવે છે કે, તેમના છોકરાએ ગળામાં પહેરેલ સોનાની ચેઈન તોડીને ભાગી ગયેલ છે તેમના છોકરાને માથમાં અને આંખે ઈજા થયેલી જેથી તેઓ તેને રીક્ષામાં એસ.વી.પી હોસ્પી. ખાતે સારવાર માટે લઈ ગયેલ, બનાવ સાંજના સાત વાગ્યાના અરસામાં બનેલ તે જયાં ક્રિકેટ રમતો હતો તેને થોડે દુર ત્રણેય જણા કોઈ ગર્લફ્રેન્ડ સાથે ઉભા હતા અને તેઓ નશો કરેલ હાલતમાં હતા અને તેમનો છોકરો ક્રિકેટ રમતો હતો તે બધાની સાથે ગાળાગાળી કરતા હતા તેમના છોકરાએ એવુ કહેલ કે, તેમનો છોકરો ક્રિકેટ રમતો હતો તે બધા સાથે ગાળાગાળી કરતા હતા તેમના છોકરાએ એવુ કહેલ કે, તેઓ દુર ક્રિકેટ રમે છે તમને શું વાંધો છે આ બનાવના કારણે આ લોકો તેમના છોકરાની પાછળ આવેલ અને માર મારેલ, તેમના છોકરાને ગાળાગાળી કરેલ તે જગ્યા ગાજા પોઈન્ટ તરીકે કુખ્યાત છે ત્યાં તેમના છોકરાને મારતા આરોપીઓને તેઓએ જોયેલા અને તેમના છોકરાની આંખ ખુલતી ન હોઈ ત્યારબાદ, નગરી હોસ્પિટલમા સારવાર માટે લઈ ગયેલ, બનાવ બાબતે ફરીયાદ નોંધાવેલી તેમને ફરીયાદ બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે જે ફરીયાદ આંક–૭ થી રજુ છે. વધુમાં સાહેદ જણાવે છે કે, તેઓએ ફરીયાદ આપ્યા બાદ પોલીસે સોનાની ચેઈન બાબતે તપાસ કરેલી જેથી પોલીસે સી.સી.ટીવી તથા તેમના દીકરાના ગળામાં પહેરેલ ચેઈનના છોલાવવાથી નિશાન થઈ ગયેલ તેના ફોટા બતાવેલ ત્યારબાદ તેમની પૂછપરછ કરેલી, જેમાં આરોપીના નામ ૧) અલી ઉર્ફે હસમુખ ૨) ચિન્ટુ ૩) ભાર્ગવ છે, સોનાની ચેઈનનું બિલ તેઓએ પોલીસને આપેલ, બનાવ વખતે સીસીટીવી માં થયેલ રેર્કર્ડિંગ તેમની પાસે છે. વધુમાં સાહેદ જણાવે છે કે, તેઓએ સીસીટીવી ફુટેજ એક ડીવીડીમાં છે તે રજુ કરી તે ફુટેજ પ્રકૃતિ કું જ સોસા.માં આવેલ બંગલામા લાગેલ સીસીટીવી માંથી મેળવેલ તે કોમ્પ્યુટરના મોનિટર પરથી તેમના મોબાઈલમાં આ ફુટેજનું રેકોર્ડિંગ કરેલ, જે ડીવીડીમાં તૈયાર

કરીને તેઓએ રજુ કરેલ છે તે રેકોર્ડીંગ આરોપી પક્ષ ઈચ્છે તો વકીલ શ્રીને જોવા આપવાની શરતે આંક–૯ થી રજુ છે તેમના દિકરાને ઈજા પામેલ હાલતમાં ૬ ફોટોગ્રાફ મોબાઈલમાં લીધેલ તેની કલર પ્રીન્ટ રજુ કરેલ છે જે સંયુકત આંક–૧૦ થી રજુ છે તેમજ સોનાની ચેઈનનું બિલ અસલ આંક–૧૧ થી રજુ છે.

**(૧૨)** ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેઓ ધોરણ ૧૦ સુધી ભણેલ છે, તેઓને ગુજરાતી ભાષા લખતા વાંચતા આવડે છે. તેમજ બનાવ તા. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ સાંજે ૭/૦૦ વાગે બનેલ. તેઓ બજારમા ૫/૦૦ વાગે ગયેલ હતા અને લગભગ છ સવા છ વાગે પરત આવેલ. **તેમજ વધુમા સ્વીકારેલ છે કે, તેઓએ બનાવને નજરે જોયેલ નથી અને બનાવની જાણ તેમને અશ્વીનભાઈ ચાવડાએ કરેલી.** તેમજ તેઓ જયાર રહે છે તે એરીયાની આજુબાજુની સંપુર્ણ માહીતી છે. તેઓ બનાવવાળી જગ્યા લગભગ ૫૦ થી ૧૦૦ મીટર દુર છે. **તેઓ બનાવ વાળી જગ્યાએ તરત જ દોડીને એકદા મીનીટમા જ પહોંચી ગયેલ તેમજ તેઓ ત્યા પહોંચ્યા ત્યારે તેમની હાજરીમા જ આરોપી ભાગી ગયેલ હતા. તેમજ તેઓ આરોપીઓને બનાવ બન્યો તે પહેલા ઓળખતા ન હતા અને પોલીસ ફરીયાદ કરી ત્યારે પણ ઓળખતા ન હતા.** આરોપી કોર્ટમા હાજર હોય ત્રણ આરોપી પૈકી એક પુખ્ત વયના છે અને બાકીના બે આરોપી જુવેનાઈલ છે તેમજ તે વાતનો ઈન્કાર કરેલ છે કે જુવેનાઈલ આરોપી ચેતન ઉર્ફે ચિન્ટુએ તેમની ધમકીને કારણે નદીમા પડીને આપઘાત કરેલી તેમજ તેમની સામે એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમા ઈ.પી.કોડ કલમ: ૩૦૬ મુજબની ફરીયાદ દાખલ થઈ છે.વધુમા સાહેદે સ્વીકારેલ છે કે,તેઓને આ ગુનામા અટક કરેલ અને તેમને જામીન પર મુકત કરેલ અને હાલ આ કેસ પેન્ડીગ છે. તેમજ ફરીયાદ કરવા ગયા ત્યારે તેમની સાથે તેમની પત્ની હતા. અને ફરીયાદ તેમના લખાવ્યા મુજબની હતી અને તેઓને ફરીયાદ વાંચવા માટે આપેલી અને ફરીયાદ બતાવતા તેમના

તેમની સહી ઓળખી બતાવે છે.વધુમા બચાવપક્ષ ધ્વારા સદરહુ સાહેદની ઉલટતપાસ દરમ્યાન તેમની સરતપાસમા આવેલ કોન્ટ્રાડીકશન બાબતેના પ્રશ્નો પુછવામા આવેલ છે.

(૧૩) ત્યારબાદ, અન્ય સાહેદ યોગીતાબેન સુરેશભાઈ પારઘી તેમની આંક–૧૩ ની સોગંદ ઉપરની સરતપાસમા મુખ્યત્વે જણાવેલ છે કે, તા. ૧૨/૦૯/૨૧ ના રોજ બનાવ વખતે તેઓ ઘરમાં રસોઈ બનાવતા હતા અને તે વખતે નીચેથી શોરબકોર થયેલ અને કોઈએ તેમને કહેલ કે, નીચે ઉતર તારા છોકરાને વાગ્યુ છે તેથી તેમને એવુ લાગેલ કે કદાચ તે મેચ રમવા ગયો છે ત્યાં દડો લાગ્યો હશે અને નીચે ઉતરીને જોયેલ તો તેમના છોકરાને વાગેલ અને કોઈએ કહેલ કે તેના પિતા રીક્ષામાં બેસાડી દવાખાને લઈ જાય છે ત્યાં રીક્ષા ઉભેલ હતી અને રીક્ષા પાસે જઈને જોયેલ કે તેમનો દીકરો પૃથ્વી લોહીલુહાણ હાલતમાં હતો જેથી તેઓ પણ રીક્ષામાં બેસી ગયેલ અને વાડીલાલ હોસ્પી. માં સારવાર માટે લઈ ગયેલ, તે દરમ્યાન તેમના દીકરાએ કહેલ કે તેને ત્રણ જણાએ માર મારેલ, અને ત્યારબાદ તેઓએ એલીસબ્રીજ પો.સ્ટેમાં ફરીયાદ આપેલી. વધુમાં સાહેદ જણાવે છે કે, બનાવવાળી જગ્યા સેટેલાઈટ પો.સ્ટેમાં હોવાથી ડોકટરના કહેવા પ્રમાણે તેને નગરી હોસ્પી. માં લઈ ગયેલ, બનાવ દિવસે તેમનો દીકરો પોપટલાલ ના બગીચે મેચ રમવા માટે ગયેલ પણ તેમના દીકરાને કયા કારણોસર માર મારેલ તે તેમના દીકરાએ જણાવેલ નથી. તેમને એવું જણાવેલ છે કે, આરોપી ગાળાગાળી કરતા હતા અને પાછળથી આવી તેમના છોકરા સાથે ઝઘડો કરેલ, અને તેમના છોકરાની ચેઈન ખેંચી બીજા છોકરાએ લોખંડના પાઈપ વડે માથામાં મારેલ અને ત્રીજા છોકરાએ મોટો પથ્થર આંખના ભાગે મારી મુઢ માર પણ મારેલ અને પોલીસે તેમનો જવાબ લીધેલ, ઘટના સ્થળના સીસીટીવી ફુટેજ જોવાથી પણ આ ઘટનાની જાણ થઈ.

(૧૪) ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, **બનાવ તેઓએ નજરે જોયો નથી, તેમજ તેમના છોકરાને કેવી રીતે અને કોણે માર્યુ તે તેઓ નજરે જોનાર તરીક કહી શકે નહી,** તેમજ તેમને યાદ નથી કે તેમનું પોલીસે નિવેદન લીધેલ તે તેમણે વાંચેલ કે કેમ? અને પોલીસે તેમના નિવેદનમાં સહી કરાવેલ હતી, તેમજ તે વાત ખરી નથી કે લોકોનું ટોળુ ભેગુ થઈ ગયુ હતુ અને તેમનો છોકરો લોહીલુહાણ થઈ ગયો હોવાની વાત તેમના પોલીસ રુબરુના નિવેદનમાં લખાવી નથી, **વધુમાં સ્વીકારેલ છે કે, દવાખાનામાં તેમના દીકરાએ તેમને એવુ કહ્યુ હતુ કે ત્રણ છોકરાએ માર્યુ હતુ પણ કયાં છોકરાએ માર્યુ, શું માર્યુ તેવુ વિગતવાર તેમને જણાવ્યુ નથી.** વધુમાં સ્વીકારેલ છે કે, તેમના પોલીસ રુબરુના જવાબમાં એવી હકીકત લખાવી નથી કે, આ બનાવ અંગે ફરીયાદ કરવા અંગે પહેલા તેઓ એલીસબ્રીજ પો.સ્ટે ગયા હતા અને એલીસબ્રીજ પોલીસે કહેલ કે, બનાવવાળો સ્થળ તેમના વિસ્તારમાં આવતો નથી, તેમજ તેમના પોલીસ રુબરુના જવાબમાં એવુ લખાવ્યુ નથી કે એલીસબ્રીજ પો.સ્ટેના પોલીસ કર્મચારીઓ બનાવવાળી જગ્યાએ આવ્યા હતા. તેમજ વધુમાં સ્વીકારેલ છે કે, તેઓએ તેમના પોલીસ રુબરુના જવાબમાં એવુ લખાવ્યુ નથી કે ''ડોકટર તેમને કહ્યુ હતુ કે પોલીસ કેસ કરવો પડશે'' તેમજ વધુમાં સ્વીકારેલ છે કે, પોલીસ સ્ટે.માં તેમના પતિ ફરીયાદ કરવા ગયા હતા તે વખતે તેઓ અને તેમનો દીકરો બહાર બેઠા હતા તેવી વાત તેમના પોલીસ રુબરુના જવાબમાં લખાવી નથી, વધુમાં સ્વીકારેલ છે કે, પોલીસ રુબરુના જવાબમાં તેમને સેટેલાઈટ પોલીસ સ્ટેમાં સવારે ચાર વાગ્યે ફરીયાદ કરવા ગયા હતા તેવી વાત લખાવી નથી. તેમજ સીસીટીવી ફુટેજ તેમના પતિના મોબાઈલમાં કયારે જોયેલ હતા તેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, તેમને તારીખ યાદ નથી પણ બનાવના લગભગ ૪ –૫ દિવસ પછી સીસીટીવી ફુટેજ જોયા હતા, બનાવ રાત્રીના અંધકારમાં બનેલ

હતો તે સવાલના જવાબમાં બનાવ લગભગ સાડા સાત વાગ્યે બનેલ હતો તે વખતે એટલું અંધકાર ન હતો. તેમને આરોપીનું નામ આવડે છે તેમ પૂછતા હસમુખભાઈ અશ્વિનભાઈ મકવાણા નામ હોવાનું જણાવે છે. વધુમાં સ્વીકારે છે કે, આ નામ તેમને આ ગુનાની તપાસ શરૂ થયા પછી જાણવા મળેલ, આ બનાવ બન્યો તે પહેલા તેઓએ આરોપીને જોયા નથી કે ઓળખતા પણ ન હતા, આરોપી અને તેઓ એક જ સમાજના છે.

**(૧૫)** ત્યારબાદ અન્ય સાહેદ પ્રકાશભાઈ સુરેશભાઈ પારધી તેમની આંક-૧૪ ની સોગંદ ઉપરની સરતપાસમા મુખ્યત્વે જણાવેલ છે કે, તા. ૧૨/૦૯/૨૧ ના રોજ બનાવ બનેલ, બનાવ સમયે તેઓ ક્રિકેટ રમતા હતા ત્યાં અલી અને તેના બે મિત્રો ગાળાગાળી કરતા હતા અને તેઓને રમત બંધ કરીને જતા રહેવાનું કહેતા તેઓએ કહેલ કે, શા માટે રમવાનું બંધ કરવા કહો છો જેથી તેઓ વધારે ગાળો બોલવા લાગેલ અને તેઓ ઘરે પરત જતા હતા ત્યારે તેઓ પાછળ આવેલ અને તેઓ ઉપર હુમલો કરેલો અને લાકડી, પથ્થર વડે માર મારેલ, લાકડી વડે ભાર્ગવે તેમના માથમાં કપાળથી ઉપરના ભાગે મારેલ ત્યાં તેમને ટાંકા આવેલ ચેતને પથ્થર ડાબી આંખ ઉપર મારેલ, અને અલીએ તેમને ગડદાપાટુ મારેલ, અને તેમના પપ્પા આવેલ તેથી મારવાનું બંધ કરી અલી તેમના ગળામાં પહેરેલ સોનાની ચેઈન ખેંચીને ભાગવા લાગેલ, વધુમાં સાહેદ જણાવે છે કે, તેમના પિતા તેમને એસ.વી.પી હોસ્પી.માં સારવાર માટે લઈ ગયેલ અને આંખની સારવાર નગરી હોસ્પી. માં કરાવેલ, તેમને માર મારવાની ઘટના સાંજના ૦૬:૫૦ થી ૦૭:૦૦ વાગ્યાની વચમાં બનેલ, તેઓને બનાવ બાદ આરોપીનું નામ ખબર પડેલ જે પૈકી આરોપી અલી હાજર છે અને બનાવ બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલી, **<u>ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેમનુ નિવેદન લીધાની તારીખ યાદ નથી પણ બનાવના બીજા દિવસે લીધેલ</u>**

**તેમજ નિવેદન આપવા માટે તેઓ અને તેમના પિતાજી ગયા હતા તેમજ નિવેદન લખ્યા પછી તેઓએ વાંચ્યુ હતુ તેમજ જે ત્રણ આરોપી અંગે તેમણે જે વાત કહી તે આરોપીઓને તેઓએ બનાવ પહેલા જોયેલા ન હતા. તેમજ તેમને મારનાર પૈકી ચેતન મૃત્યુ પામેલ છે અને ચેતન નદીમાં પડીને મૃત્યુ પામેલ છે તેમજ વધુમાં સ્વીકારેલ છે કે, ચેતનના મમ્મી પપ્પાએ તેમના પપ્પા સામે ફરીયાદ દાખલ કરેલ છે. હાલ તેમના પપ્પા જામીન મુકત છે અને કેસ ચાલુ છે. તેમજ એ વાતનો ઈન્કાર કરેલ છે તેમના પોલીસ રુબરુના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે અલી મારા ગળામાં પહેરેલી ચેઈન લઈને ભાગી ગયેલો, તેમજ વધુમાં સ્વીકારેલ છે કે, વંચાવવામાં આવેલ તેમના પોલીસ રુબરુના નિવેદનમાં મારા ગળાની ચેઈન ખેંચ્યા બાબતનો ઉલ્લેખ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, બનાવ વખતે તેમને આરોપી અલીનું નામ ખબર ન હતી આરોપી અને તેઓ એક જ સમાજના છે.** આરોપીનું નામ પાછળથી લોકો ધ્વારા જણવા મળેલ. વધુમાં એ વાતનો ઈન્કાર કરેલ છે કે, અલીએ તેમને ગડદાપાટુ માર્યાની વાત તેમના પોલીસ રુબરુના નિવેદનમા લખાવેલ નથી.

(૧૬) ત્યારબાદ અન્ય સાહેદ કરશનભાઈ વસરામભાઈ સોલંકી તેમની આંક-૧૫ ની સોગંદ ઉપરની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, **તેઓ આરોપીને ઓળખતા નથી. મીથીલા સોસા. ની સામે મંદિર છે તે મંદિર થી લગભગ ૨૫ ફુટ દુર ઝઘડો થયેલો, લગભગ સાડા આઠ વાગ્યાનો સમય હતો, કઈ બાબતનો ઝઘડો હતો તે તેઓ જાણતા નથી આ ઝઘડામાં કોઈ છોકરાને માથમાં વાગેલ તેવુ તેમને યાદ છે પોલીસે તેમનો જવાબ લીધેલ, તેઓએ કોઈ છોકરાના હાથમાં હથિયાર જોયેલ નથી કે કોઈ છોકરાને માર મારતા નજરે જોયેલ નથી.** આમ સદરહું સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોઈ તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે. **ત્યારબાદ, બચાવપક્ષે**

**<u>કરવામા આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, પોલીસે તેમને માત્ર નામ સરનામુ પુછેલ આ સુરેશભાઈ સાથે વર્ષો પહેલા સબંધ તોડી નાંખેલ છે પોલીસે તેમની રીતે જવાબ લખી લીધેલ, બનાવ બાબતે તેઓ કાંઈ જાણતા નથી.</u>**

(૧૭) ત્યારબાદ અન્ય સાહેદ કમલેશભાઈ મગનભાઈ મોરાડીયા તેમની આંક–૧૬ ની સોગંદ ઉપરની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ આરોપીને ઓળખતા નથી. મીથીલા સોસા. પાસે બનાવ બનેલો, **<u>બનાવ વખતે તેઓ ૧૫ –૨૦ ફુટ દુર ચાની કીટલી પાસે ઉભા હતા, છોકરાઓ અંદર અંદર ઝઘડા કરતા હતા અને આજુબાજુ માણસોનુ ટોળુ ભેગુ થઈ ગયેલ. આ ઝઘડા વખતે કોઈની પાસે કોઈ હથીયાર હતુ કે કેમ તે તેમને ખબર નથી. અને પૃથ્વીનો ઝઘડો કોની સાથે થયેલ તે તેમને ખ્યાલ નથી. તેમજ ઝઘડામા સામેલ છોકરાને કોર્ટમા ઓળખી શકે તેમ નથી અને ઝઘડાનુ કારણ શુ હતુ તેની તેમને ખબર નથી.</u>** બીજુ કાંઈ જાણતા નથી. આમ સદરહું સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોઈ તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે. ત્યારબાદ, **<u>બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, બનાવ વખતે કોના વચ્ચ ઝઘડો થયેલ તે ઓળખી શકે નહી. તેમજ કયા કારણથી ઝઘડો થયેલ તેની તેમને ખબર નથી. પોલીસે તેમની રીતે જવાબ લખી લીધેલ, બનાવ બાબતે તેઓ કાંઈ જાણતા નથી.</u>**

(૧૮) ત્યારબાદ, અન્ય સાહેદ ડો. આયુષીબેન ભરતકુમાર શાહ તેમની આંક–૧૭ ની સોગંદ ઉપરની સરતપાસમા મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૧ ની સાલમાં એસ.વી.પી.હોસ્પી.અમદાવાદ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા. ૧૨/૦૯/૨૦૨૧ ના રોજ તેમની ફરજ પર હાજર હતા ત્યારે સાંજના ૭:૩૦ વાગ્યે પ્રકાશ સુરેશભાઈ પારઘીને તેમના પિતા પોલીસ

યાદી વિના સારવાર અર્થે લાવેલ અને તેમને **<u>ઈજા અંગે હિસ્ટ્રી પૂછતા તેમના પિતાએ જણાવેલ કે, ૩ અજાણ્યા લોકોએ ભુદરપુરા બ્રિજ નીચે માર મારેલ,</u>** વધુમાં સાહેદ જણાવે છે કે, તેઓને તપાસતા ઈજા નં.૧) કપાળની ડાબી તરફ છુંદાયેલા પ્રકારની ઈજા હતી જે ૧×૧ સેમી જેટલી હતી ઈજા નં.૨) ડાબી આંખના ભાગે સોજો હતો ઈજા નં.૩) ડાબી બાજુ ચહેરાના ભાગે ૩×૫ સેમી જેટલી ઘસરકાની ઈજા હતી અને ઈજા નં.૪) જમણા ખભા પર ૭×૨ સેમી જેટલ ભાગમાં લાલ ચકામુ હતુ, તેમના જમણા ખભાનો એકસરે કરાવેલ તેમજ બ્રેઈન, ફેઈસ, ગરદનના મણકાનો સીટી સ્કેન કરાવેલ પેટના ભાગની સોનોગ્રાફી કરાવેલ અને દર્દીને સારવાર આપી રજા આપેલી, તે અંગેનો અસલ સારવાર સર્ટીમાં તેમની સહી અને હોદ્દાનું સીલ છે જે આંક–૧૮ થી રજુ છે, વધુમાં સાહેદ જણાવે છે કે, ઈજા નં.૧) પાઈપ વડે થઈ શકે તેવી ઈજા છે કોઈ વ્યકિતને ફેંટ અથવા પથ્થર મારવામાં આવે તો ઈજા નં. ૨) થઈ શકે અને ઈજા નં.૩ અને ૪ ગડદાપાટુનો માર મારવામાં આવો તો થઈ શકે,**<u>ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, ઈજા પામનારે કઈ રીતે ઈજા થઈ તે તેમને જણાવેલ નથી.</u>** તેમજ ઈજા થયા પછી લગભગ બે ત્રણ કલાક બાદ સારવાર લેવા માટે આવેલ. તેમજ કયા હથીયાર વડે મારવામા આવ્યુ તે કહી શકે નહી. તેમજ આંખના ભાગે થયેલી ઈજાની સારવાર તેઓએ કરેલી નથી તેમજ **<u>ઈજા પામનારે એવુ જણાવેલ નથી કે તેમને ગડદાપાટુ માર્યા છે તેમજ ઈજા પામનાર તેમની પાસે આવ્યા ત્યારે સભાન અવસ્થામા હતા.</u>** ઈજા થવાથી ગભરામણ થાય તો પલ્સ, કે બી.પી. વધી શકે. અને વધુમા સ્વીકારેલ છે કે, ઈજા પામનારને કાયમી ખોડ રહી જાય તેવી ઈજા ન હતી, ઈજા સામાન્ય હતી.

(૧૯)ત્યારબાદ, અન્ય સાહેદ હર્ષવર્ધન ધર્મેન્દભાઈ વાઘેલા તેમની આંક–૧૯ ની સોગંદ ઉપરની સરતપાસમા મુખ્યત્વે જણાવેલ છે કે, બનાવ તેઓ ધો. ૧૧માં

અભ્યાસ કરતા હતા ત્યારે બનેલ, તેઓ ક્રિકેટ રમતા હતા ત્યારે સામાવાળા ૩ જણા ત્યાં હાજર હતા અને સામાવાળા જયાં હતા ત્યાં તેમનો બોલ ગયેલ અને તેઓ ત્યાં બોલ લેવા જતા સામવાળા ગાળાગાળી કરવા લાગેલ અને ક્રિકેટ અહીંયા રમો નહી, ત્યારબાદ તેઓ અને પ્રકાશ બ્રીજથી પહેલા મિથીલ સોસા. આવે છે ત્યાં તેઓ ઉભેલ ત્યારે સામાવાળાએ આપેલ ધમકીના કારણે ગભરાયેલ હતા અને તેઓ ત્રણ જણા ઉભેલ હતા ત્યાં આવેલ આ ત્રણ પૈકીના એકના હાથમાં પાઈપ હતી અને બીજા બે ના હાથમાં પથ્થર હતા અને તેઓ સીધા પ્રકાશને મારવા લાગેલ અને ત્યાં બધા માણસોનું ટોળુ ભેગુ થયેલ અને તેમણે પ્રકાશને આંખના ભાગે મારેલ, પાઈપથી પણ મારેલ જયારે પ્રકાશને મારતા હતા ત્યારે પ્રકાશના પપ્પા આવી ગયેલ અને સામાવાળા ત્રણેય ભાગી ગયેલ, વધુમાં સાહેદ જણાવે છે કે, પ્રકાશને ઈજા થતા તેના પિતા દવાખાને લઈ ગયેલ બનાવ સાંજના લગભગ ૦૭:૦૦ વાગ્યાના અરસામાં બનેલ, બનાવ વખતે મારનાર ત્રણ જણા પૈકી એક જણાએ પ્રકાશએ પહેરેલી સોનાની ચેઈન તેના ગળામાંથી ખેંચી લીધેલી અને ભાગી ગયેલા માર મારનાર પૈકી એકનું નામ અલી હતુ જેને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે અને બનાવ બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલી. **ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમા સાહેદે સ્વીકારેલ છે કે, બનાવ કઈ તારીખે બનેલ તે તારીખ તેમને ખબર નથી. તેમજ બનાવ વખતે અંધારુ હતુ.** તેમજ પ્રકાશને સારવાર આપીને હોસ્પીટલમાથી ઘરે લાવ્યા બાદ થોડા દિવસ બાદ તેમનો જવાબ લીધેલો, તારીખ યાદ નથી. જવાબ આપવા તેઓ પ્રકાશના મમ્મી અને પપ્પા અને પ્રકાશના માસી સાથે હતા. **વધુમા સ્વીકારેલ છે કે, પોલીસને લખાવેલ નથી કે, બનાવ વખત અલીએ પ્રકાશના ગળામાથી ચેઈન ખેંચેલી.** ત્રણ આરોપીમાથી કયા આરોપીએ શુ મારેલ તે કહી શકો નહી તેના જવાબમા જણાવેલ છે કે, જેના હાથમા પાઈપ હતો તેને

તેઓએ ઓળખ્યો નથી, અને બાકીના બેના હાથમા પથ્થર હતા તેને તેઓએ મારતા જોયેલ. તેમજ વધુમા સ્વીકારેલ છે કે, બનાવ વખતે આજુબાજુ લગભગ ૨૦ માણસોનુ ટોળુ ભેગુ થઈ ગયેલ. તેમજ બનાવ બન્યો તે વખતે તેઓ તે જગ્યા પર જ હાજર હતા તેમજ પ્રકાશને છોડાવવા તેઓ વચ્ચે પડેલ નહી તેવા પ્રશ્નના જવાબમા જણાવેલ છે કે, તેઓ એક વખત વચ્ચે પડેલ પરંતુ, મારા મારી વધારે હતી તેથી સાઈડમા ખસી ગયેલ. તેમજ તેઓ છોડાવવા માટે વચ્ચે પડેલ હોવાની વાત પોલીસને લખાવેલ નથી. તેમજ દશેક મીનીટ મારા મારી ચાલી તેવુ તેમના પોલીસ જવાબમા લખાવેલ નથી તેમજ આરોપી તેમના એરીયાનો હોવાથી નામથી ઓળખે છે.

**(૨૦)** ત્યારબાદ, અન્ય સાહેદ મનોજભાઈ વસ્તાભાઈ મકવાણા તેમની આંક–૨૦ની સોગંદ ઉપરની સરતપાસમા મુખ્યત્વે જણાવેલ છે કે, મીથીલા સોસા. રોડ પર માણસો ભેગા થયેલ હોય અને પ્રકાશને માથામા કપાળના ભાગેથી લોહી નીકળતુ હતુ અને આંખ સુજાઈ ગયેલી. તેઓ પોલીસ સાથે આ પંચનામુ કરવા ગયેલ હોય તેવુ બનેલ નથી તેમજ પોલીસે તેમની હાજરીમા બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. સદર પંચનામામા પંચ. ૨ તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવે છે. જે આંક–૨૧ થી રજુ છે. આમ સદરહું સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોઈ તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે. **ત્યારબાદ, બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તૈયાર પંચનામામા તેમની સહી કરાવેલી. બનાવની તેમને જાત માહીતી નથી. તેમજ પોલીસના કહેવાથી તેઓએ સહી કરેલી.**

**(૨૧)** ત્યારબાદ, અન્ય સાહેદ જયેશભાઈ ઈશ્વરભાઈ ચૌહાણ તેમની આંક–૨૩ ની સોગંદ ઉપરની સરતપાસમા મુખ્યત્વે જણાવેલ છે કે,ગત તા.૧૩/૦૯/૨૧

ના રોજ તેઓ કલાક–૧૨.૦૦ થી ૨૦.૦૦ સુધી ઈનવે સ્કોડમાં ફરજ પર હાજર હતા. તે દરમ્યાન ફરીયાદી સુરેશભાઈ પારધીનાઓ ૧૬.૦૦ વાગ્યાની આસપાસ ફરીયાદ કરવા માટે તેઓ પાસે આવેલ. જેમને તેમની રૂબરૂ જાહેરાત કરેલ કે ગત તા.૧૨/૦૯/૨૧ ના કલાક–૧૭.૦૦ વાગ્યાની આસપાસ તેમની પત્નીને લઈ અમદાવાદ સીટી ખાતે ખરીદી કરવા માટે ગયેલા. બાદ તેમનો દીકરો પ્રકાશ પોપટલાલ ગાર્ડન પાસે તેમના મીત્રો સાથે ક્રિકેટ રમવા માટે ગયેલા હતા. બાદ ફરીયાદી ખરીદી કરી આશરે સાંજના ૭.૦૦ વાગ્યાની આસપાસ તેમના પત્નીને મુકીને મંદીરે શ્રીફળ વધારી મંદીરના ઓટલે બેઠા હતા તે વખતે કોઈ માણસ આવી ફરીયાદીને જણાવેલ કે તમારા દીકરાને બે–ત્રણ અજાણ્યા છોકરાઓ માર મારે છે. વધુમાં સાહેદ જણાવે છે કે, ફરીયાદી બનાવવાળી જગ્યાએ જતા ત્રણે અજાણ્યા ઈસમો ત્યાંથી નાશી ગયેલા અને તેમના દીકરાને માથામાં તેમજ આંખમાં ઈજા થયેલ હોવાથી સારવાર માટે વી.એસ. હોસ્પીટલ ખાતે સારવાર માટે લઈ ગયેલા. બાદ વધુ સારવાર માટે નગરી આંખની હોસ્પીટલ ખાતે લઈ ગયેલા હતા. જે સારવાર લઈ તા.૧૩/૦૯/૨૧ ના રોજ ફરીયાદ કરવા માટે આ કામના ફરીયાદી આવેલ, જેમની ઈ.પી.કો. કલમ–૩૨૩, ૩૨૪, ૨૯૪ (ખ), ૧૧૪ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબની ફરીયાદ તેમની રૂબરૂમાં લઈ પી.એસ.ઓ. તરફ ગુનો દાખલ કરવા માટે મોકલી આપેલ**, ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેઓએ આ કામે માત્ર ફરીયાદ લીધેલ છે. તેમજ ફરીયાદમા આરોપીઓના નામ જણાવેલ નથી અને ફરીયાદ લેવા સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી.**

**(૨૨)** ત્યારબાદ, અન્ય સાહેદ ઈશ્વરભાઈ એ પરમાર તેમની આંક–૨૩ ની સોગંદ ઉપરની સરતપાસમા મુખ્યત્વે જણાવેલ છે કે, તા. ૧૩/૯/૨૧ ના રોજ તેઓ સેટેલાઈટ પો. સ્ટે. માં પી.એસ.ઓ. તરીકે ફરજમાં હાજર હતા તે દરમ્યાન હે.કો.

જયેશભાઈ ઈશ્વરભાઈઓએ ફરીયાદી સુરેશભાઈ પારધીની ઈ.પી.કો.કલમ–૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી. પી. એકટ કલમ–૧૩૫ મુજબની ફરીયાદ લીધા બાદ તેઓએ આ ફરીયાદ રજીસ્ટર કરી સદર ગુનાની તપાસ પી.એસ.આઈ. શ્રી એમ. જી. લીમ્બોલા તરફ મોકલી આપેલ**, ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે,તેઓએ ફરીયાદ રજીસ્ટર કરવા સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી.**

**(૨૩)** ત્યારબાદ, અન્ય ત.ક.અમલદાર સાહેદ મહેન્દ્રસિંહ ઘેલાભાઈ લીમ્બોલા તેમની આંક–૨૫ ની સોગંદ ઉપરની સરતપાસમા મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓ સને ૨૦૧૮ થી સને ૨૦૨૨ સુધી સેટેલાઈટ પો.સ્ટે મા પો.સ.ઈ તરીકે ફરજ બજાવતા હતા. તે દરમીયાન તા. ૧૩/૦૯/૨૦૨૧ ના રોજ તેઓને પી.એસ.ઓ તરફથી ફરીયાદ દાખલ થઈ તેઓ ને તપાસ મળતા બનાવવાળી જગ્યાએ જઈ પંચો રૂબરૂ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ, તેમને કોર્ટ રેકર્ડમાથી આંક–૨૧ થી રજુ પંચનામુ બતાવવામા આવે છે. જેમા પંચો ની સહી છે તથા રૂબરૂ તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. વધુ મા તપાસ દરમીયાન લાગતા વળગતા સાહેદો ના જવાબો લીધેલા. વધુ મા આરોપી ને અટક કરી નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ. આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટ મા ચાર્જશીટ દાખલ કરેલ. તેમજ આ કામના બે આરોપી નામે ભાર્ગવ જયંતીભાઈ અને ચેતન નરેશભાઈ સગીર હોવાથી તેઓ ને જુવેનાઈલ કોર્ટ સમક્ષ રજુ કરેલ, ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેઓએ આ કેસની સંપુર્ણ તપાસ કરેલી. તેમજ તેઓએ આ કામે તપાસ દરમીયાન કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. તેમજ બનાવવાળી જગ્યાનુ પંચનામુ તેમની રુબરુમા કરવામાં આવેલ છે, ત્યારબાદ અન્ય મહત્વના પુછવામા આવેલ પ્રશ્નોના જવાબ તેઓએ ઈન્કારમા આપેલ છે.

**(૨૪)** ત્યારબાદ, અન્ય સાહેદ ડો. જિજ્ઞાસા મહેશભાઈ પરીખ તેમની આંક–૨૬ ની સોગંદ ઉપરની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ગઈ તા.૧૨/૦૯/૨૦૨૧ ના રોજ તેઓ ફરજ ઉપર હાજર હતા ત્યારે સેટેલાઈટ પો.સ્ટે ની પોલીસ યાદી સાથે પેશન્ટ પ્રકાશભાઈ સુરેશભાઈ પારઘી રહે.આંબાવાડી ના ઓ કલાક ૧૦:૧૪ પી.એમ વાગ્યે ઓ.પી.ડી કેઈ પેપર્સ નંબર ૨૧૨૨/૨૩૧૮૦(જી) કઢાવીને વી.એસ હોસ્પીટલ થી રીફર થઈને આવેલ હતા. તેઓ ને માથા મા ઈજા થયેલ હતી જેના ટાંકા લીધેલ હતા. આ દર્દી ના ગાલ ઉપર ઉજરડા હતા અને તેઓ ની ડાબી આંખ મા સોજો હતો અને આંખ લાલ હતી તથા આંખ મા લોહી આવી ગયેલ હતુ. **વધુમા સાહેદ જણાવે છે કે, દર્દી એ તેમની ઈજા અંગે ની હીસ્ટ્રી મા એવુ લખાવેલ કે, ડાબી આંખ મા પાઈપ થી કોઈ અજાણ્યા ઈસમ દ્વારા ઈજા કરવામા આવેલ છે.** આ દર્દી ને અમારે ત્યા હાજર રેસીડેન્ટ ડોકટરે તપાસેલ હતા અને તેઓ ને તપાસ્યા બાદ દવા, આંખ ના ટીંપા અને દુખાવા ની ગોળીઓ આપેલ હતી અને તેઓ ને આંખ ના એકસ રે ના રીપોર્ટ કરાવ્યા બાદ તેઓ ને ફરીથી ફોલોઅપ ટ્રીટમેન્ટ માટે આવવા જણાવેલ. સદર દર્દી નુ મેડીકલ સર્ટીફીકેટ મે તૈયાર કરેલ હતુ જે તેમના સ્વ હસ્તાક્ષર મા છે અને તેમા તેમની સહી છે. તેમને કોર્ટ રેકર્ડમાથી મેડીકલ સર્ટીફીકેટ ની ખરી નકલ બતાવવામા આવે છે. જેમા મારી સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક–૨૭ આપવામા આવે છે. **ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, દર્દીએ તેમની હીસ્ટ્રીમા કોઈ આરોપીનુ નામ જણાવેલ નથી તેમજ દર્દીને થયા મુજબની ઈજા પડી જવાથી થઈ શકે તેમ છે.**

**(૨૫)** હાલના કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપર મુજબનો સમગ્ર મૌખીક પુરાવો ધ્યાને રાખી, આ કામે આંક–૭ થી રજુ ફરીયાદની વિગતો લક્ષમા લેતા, બનાવ સમયે આ કામના ફરીયાદી સુરેશભાઈ પારઘીનાઓ મેલડીમાતાના

મંદીરે સાંજના સમયે બેસેલ હતા ત્યારે અશ્વીનભાઈ ચાવડા નામની વ્યકિતએ તેઓને બનાવની જાણ કરતા ફરીયાદી બનાવ સ્થળે ગયેલ હોવાનુ અને ફરીયાદીને જોઈને તેમના દીકરાને મારનાર છોકરાઓ ત્યાથી ભાગી ગયેલ હોવાનુ જણાવેલ છે. આંક–૭ ની ફરીયાદ હકીકત ધ્યાને લેતા, બનાવ સમયે હાલના આરોપી હસમુખ અશ્વીનભાઈ મકવાણાનાઓ ફરીયાદીના દીકરાને માર મારતા હોવાની હકીકત ફરીયાદીએ તેમની ફરીયાદમા લખાવેલ નથી. વધુમાં, ફરીયાદી તેમની આંક–૬ હેઠળની ઉલટતપાસમા એ હકીકત કબુલ રાખે છે કે, આ બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી.આ બનાવની ફરીયાદ આપ્યા બાદ,ફરીયાદીને હાલના આરોપીના નામની ખબર પડેલ હોવાનુ ફલિત થાય છે.

**(૨૬)** વધુમાં, ફરીયાદી શ્રી ધ્વારા તેમની આંક–૬ની સરતપાસ દરમીયાન આંક–૯ થી ડીવીડી રજુ કરવામા આવેલ છે. ફરીયાદીના કથન મુજબ સદરહુ ડીવીડીમા દેખાતી કુટેજ પોલીસે પહેલેથી જ મેળવી લીધેલ છે, પરંતુ, આ કામે તપાસ કરનાર પોલીસ અધીકારીશ્રી ધ્વારા બનાવ સ્થળે લાગેલ કોઈ સીસીટીવી કેમેરાની કુટેજ મેળવી રજુ કરવામા આવેલ નથી તેમજ સદરહું સી.સી.ટી.વી.કેમેરાના મકાન માલીકને સાક્ષી તરીકે તપાસવામા આવેલ નથી.આમ,આંક–૯ થી રજુ ડીવીડી ફરીયાદપક્ષ તરફે સાબીત થયેલ ન હોય તેમા હાલના આરોપી ફરીયાદીના દીકરાને માર મારતા હોવાની હકીકત દેખાતી હોવાનુ માની શકાય તેમ નથી.

**(૨૭)** વધુમાં, ફરીયાદી શ્રી ધ્વારા તેમની સરતપાસ દરમીયાન આંક–૧૦ થી તેમના પુત્ર પ્રકાશના વિવિધ ફોટોગ્રાફ રજુ કરવામા આવેલ છે. પરંતુ, સદરહુ ફોટોગ્રાફ લેનાર કોઈ ફોટોગ્રાફરને આ કામે સાહેદ તરીકે તપાસવામા આવેલ ન હોય તેમજ ફોટોગ્રાફ ના કોઈ બીલ આ કામે રજુ કરવામા આવેલ ન હોય આંક–૧૦ થી રજુ ફોટોગ્રાફ ફરીયાદપક્ષ ધ્વારા કાયદા મુજબ યોગ્ય રીતે પુરવાર થયેલ નથી.

(૨૮) વધુમાં, સદર કામે ફરીયાદી શ્રી ધ્વારા તેમની સરતપાસ દરમીયાન આંક–૧૧ થી નવપદ ઝવેલર્સ નુ બીલ રજુ કરવામા આવેલ છે. ફરીયાદીના મૌખીક પુરાવા મુજબ બનાવ સમયે તેમના દીકરા પ્રકાશે તેના ગળામા સોનાની ચેઈન પહેરેલ હતી. અને જેનુ બીલ પોલીસને તેઓએ આપેલ હતુ. વધુમાં, ફરીયાદીના જણાવ્યા મુજબ બનાવ સમયે તેમના દીકરાને માર મારનાર એક ઈસમે તેમના દીકરાના ગળામાથી સોનાની ચેઈન તોડીને ત્યાથી ભાગી ગયેલ. આંક–૬ થી રજુ ફરીયાદી નો ઉપર મુજબનો પુરાવો ધ્યાને રાખી આ કામે રેકર્ડ પરની હકીકતો વંચાણે લેતા, ફરીયાદી ધ્વારા તેમની ફરીયાદ તેમજ કોર્ટ સમક્ષના મૌખિક પુરાવામા સોનાની ચેઈનનુ કોઈ વજન કે તેનુ વર્ણન જણાવવામા આવેલ નથી.વધુમાં, સદર કામે આંક–૧૧ નુ બીલ આપનાર નવપદ ઝવેલર્સ ના માલીકને સાક્ષી તરીકે તપાસામા આવેલ નથી, ત્યારે આંક–૧૧ નુ બીલ પુરવાર થયેલ હોવાનુ માની શકાય તેમ નથી. જેથી આ કામના આરોપી હસમુખ અશ્વીનભાઈ મકવાણાનાઓ બનાવ સમયે ફરીયાદીના દીકરાના ગળામા પહેરેલ સોનાની ચેઈન તોડીને ત્યાથી ભાગી ગયેલ હોવાનુ સાબીત થતુ નથી.

(૨૯) વધુમા સદર કામે ફરીયાદપક્ષ તરફે આંક–૧૩ થી રજુ થયેલ સાહેદ યોગીતાબેન સુરેશભાઈ નો મૌખીક પુરાવો ધ્યાને લેતા, તેઓએ આ બનાવ નજરો નજર જોયેલ નહી હોવાનુ અને બનાવ સમયે તેઓ પોતાના ઘરમાં હતા ત્યારે નીચેથી અવાજ આવતા તેઓ નીચે જતા આ બનાવની જાણ થયેલ હોવાનુ ફલિત થાય છે. સદરહુ સાહેદ તેમની ઉલટતપાસ દરમીયાન એ હકીકત કબુલ રાખે છે કે, તેમના દીકરાને કોણે અને કેવી રીતે મારેલ છે તે નજરે જોનાર તરીકે તેઓ કહી શકે તેમ નથી. વધુમાં, હાલના સાહેદ તેમની સરતપાસ દરમીયાન કોર્ટ સમક્ષ આરોપી હસમુખભાઈ મકવાણાને ઓળખી બતાવે છે. પરંતુ, ઉલટતપાસમા એ હકીકત કબુલ રાખે છે કે, આ બનાવ પહેલા તેઓએ આરોપીને કયારેય જોયેલ

નથી અને આ કેસ થયા પછી તેઓએ આરોપીને જોયેલ છે. આમ, સાહેદ યોગીતાબેનનો સમગ્ર મૌખીક પુરાવો ધ્યાને લેતા, તેઓએ આ બનાવ નજરો નજર જોયેલ નહી હોવાનુ અને બનાવની જાણ તેણીના પુત્ર અને પતિના કહેવાથી થયેલ હોવાનુ પુરવાર થાય છે.

(૩૦) વધુમા સદર કામે આંક–૧૪ થી રજુ થયેલ ઈજા પામનાર સાહેદ પ્રકાશભાઈ સુરેશભાઈ પારઘીનો મૌખીક પુરાવો ધ્યાને લેતા, તેમની સરતપાસમા આ કામના આરોપી અલી ઉર્ફે હસમુખભાઈ અશ્વીનભાઈ મકવાણા નાઓએ તેમને ગડદાપાટુનો માર મારેલ હોવાનુ અને આ અલી તેમના ગળામા પહેરેલ સોનાની ચેઈન ખેંચીને ભાગી ગયેલ હોવાનુ જણાવે છે. વધુમાં, હાલના સાહેદ તેમની ઉલટતપાસમા એ હકીકત કબુલ રાખે છે કે, આ કામના આરોપીઓ ને તેઓએ બનાવ પહેલા જોયેલ નથી અને તેમના પોલીસ રુબરુના નીવેદનમા તેઓએ આરોપી અલી તેમના ગળામા પહેરેલ ચેઈન ખેંચીને ભાગી ગયેલ બાબતેનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. આમ, આંક–૧૪ થી રજુ સાહેદ પ્રકાશભાઈનો મૌખીક પુરાવો ધ્યાને લેતા, આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુનાની હકીકતો માની શકાય તેમ નથી.

(૩૧) વધુમા, આ કામે આંક–૧૫ તેમજ આંક–૧૬થી તપાસવામા આવેલ સાહેદોનો મૌખીક પુરાવો ધ્યાને લેતા, આ બનાવ ચામુંડા માતાના મંદીર,મીથીલા સોસા. થી લગભગ ૨૫ ફુટના અંતરે બનેલ હોવાનુ અને આ ઝઘડામા ફરીયાદીના દીકરાને ઈજા થયેલ હોવાનુ ફલિત થાય છે. પરંતુ, આ ઈજા હાલના આરોપીએ ફરીયાદીના દીકરાને પહોંચાડેલ હોવાનુ પુરવાર થતુ નથી.

(૩૨) વધુમાં, આ કામે આંક–૧૭ થી તપાસવામાં આવેલ સાહેદ ડો. આયુષીબેન ભરતભાઈ શાહનો મૌખીક પુરાવો ધ્યાને લેતા, ફરીયાદીના દીકરાને ઈજા થતા તા. ૧૨/૯/૨૧ના સાંજના કલાક: ૭/૩૦ વાગે સારવાર માટે એસવીપી

હોસ્પીટલ, અમદાવાદ ખાતે આવેલ હોવાનુ અને ઈજા બાબતે ફરીયાદીએ ત્રણ અજાણ્યા લોકોએ તેમના દીકરાને માર મારેલ હોવાનુ જણાવેલ હોવાનુ પુરવાર થાય છે. પરંતુ, ફરીયાદીના દીકરાને થયેલ ઈજા આ કામના આરોપીએ પહોંચાડેલ હોવાનુ પુરવાર થતુ નથી. જેથી આંક–૧૭ના મૌખીક પુરાવાથી હાલના આરોપી વિરુધ્ધ ગુના અંગેનુ અનુમાન થઈ શકે તેમ નથી.

(૩૩) વધુમાં, આ કામે આંક–૧૮ થી તપાસવામાં આવેલ સાહેદ હર્ષવર્ધન ધર્મેન્દ્ર વાઘેલા નાઓનો મૌખીક પુરાવો ધ્યાને લેતા, બનાવમાં ત્રણ ઈસમોએ ફરીયાદીના દીકરાને માર મારેલ હોવાનુ અને આ ત્રણ ઈસમો પૈકી એક ના હાથમા પાઈપ તથા બીજા બે ઈસમોના હાથમા પથ્થર હોવાનુ માની શકાય તેમ છે. પરંતુ, બનાવ સ્થળે આ કામના આરોપી અલી ઉર્ફે હસમુખ મકવાણા હાજર હોવાનુ અને તેઓએ ફરીયાદીના દીકરાને માર મારી તેના ગળામા પહેરેલ સોનાની ચેઈન તોડીને ત્યાથી ભાગી ગયેલ હોવાનુ સાબીત થતુ નથી.

(૩૪) વધુમા, આંક–૨૦થી તપાસવામા આવેલ પંચ સાહેદ મનોજભાઈ વસ્તાભાઈ મકવાણાનાઓ તેમના મૌખીક પુરાવામા આંક–૨૧ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોય આંક–૨૧નુ પંચનામુ કાયદા મુજબ પુરવાર થયેલ નથી.

(૩૫) વધુમા આંક–૨૩ થી તપાસવામા આવેલ ફરીયાદ લેનાર પોલીસ સાહેદ જયેશભાઈ ઈશ્વરભાઈ ચૌહાણ તેમની ઉલટતપાસમા એ હકીકત કબુલ રાખે છે કે, ફરીયાદમા કોઈ આરોપીના નામ લખાવેલ નથી અને તેઓએ આ કામે ફરીયાદ લેવા સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી. આંક–૨૧ ના સાહેદનો મૌખીક પુરાવો ધ્યાને લેતા, આરોપી વિરુધ્ધ ગુનાનુ અનુમાન થઈ શકે તેમ નથી.

(૩૬) વધુમા, આ કામે આંક–૨૬ થી રજુ થયેલ ડો. શ્રી. જીજ્ઞાસાબેન મહેશભાઈ પરીખ નો મૌખીક પુરાવો ધ્યાને લેતા, આ બનાવમા ફરીયાદીના દીકરા પ્રકાશભાઈ

ને ડાબી આંખમા પાઈપથી ઈજા પહોંચાડેલ હોવાનુ સાબીત થાય છે. પરંતુ આ ઈજા કામના આરોપી હસમુખભાઈ મકવાણાનાઓએ પહોંચાડેલ હોવાનુ સાબીત થતુ નથી.

(૩૭) વધુમા, આ કામે આંક-૨૪ થી પી.એસ.ઓ. ઈશ્વરભાઈ પરમાર અને આંક-૨૫ થી ત.ક.અમલદારશ્રી મહેન્દ્રસિંહ ઘેલાભાઈ લીમ્બોલા નાઓને તપાસવામા આવેલ છે. ઉપરોકત બંને પોલીસ સાહેદો ધ્વારા તેમની પોલીસ કામગીરી અંગેનો પુરાવો આપેલ છે. જે બંને સાહેદોનો મૌખીક પુરાવો ધ્યાને લેતા, બનાવમા હાલના આરોપીએ ફરીયાદીના દીકરાને માર મારી તેના ગળામાથી સોનાની ચેઈન તોડીને ભાગી ગયેલ હોવાનુ સાબીત થતુ નથી.

(૩૮) વધુમા, આ કામે આંક-૨૮ થી દાખલ કરવામા આવેલ મુદ્દામાલ હથીયાર લાકડી કબજે લીધાનુ પંચનામુ બચાવપક્ષ ધ્વારા કબુલ રાખવામા આવેલ છે. જે આંક-૨૮ થી રજુ પંચનામુ વંચાણે લેતા, સદર ગુનાની તપાસ દરમીયાન પોલીસ ધ્વારા ગુનામા વપરાયેલ લાકડી આ કામે કાયદાના સંઘર્ષમા આવેલ કીશોર ભાર્ગવ જયંતીભાઈ પાસેથી કબજે લીધેલ હોવાનુ જણાવેલ હોય આંક-૨૮ના પંચનામાથી હાલના આરોપી વિરુધ્ધ ગુનાનુ અનુમાન થઈ શકે તેમ નથી.

(૩૯) વધુમાં, સદર કામે આંક-૨૨ થી દાખલ કરવામા આવેલ હથીયાર બંધીનુ જાહેરનામુ બચાવપક્ષ ધ્વારા કબુલ રાખવામા આવેલ છે. આંક-૨૨ નુ પંચનામુ વંચાણ લેતા, બનાવ ના દિને પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરનાઓનુ હથીયાર બંધીનુ જાહેરનામુ અમલમા હોવાનુ માની શકાય તેમ છે, પરંતુ, સદર કામે આંક-૨૮થી રજુ મુદ્દામાલ હથીયાર લાકડી કબજે લીધાનુ પંચનામુ વંચાણે લેતા, સદર ગુનાના કામે વપરાયેલ મુદ્દામાલ લાકડી હાલના આરોપી હસમુખ ભાઈ પાસેથી પોલીસે કબજે કરેલ ન હોય ત્યારે હાલના આરોપીએ હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોવાનુ માની શકાય તેમ નથી.

(૪૦) વધુમાં, સદર કામે રેકર્ડ ઉપરનો સમગ્ર મૌખીક અને દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા, ફરીયાદીના દીકરા પ્રકાશ અને કોઈ અજાણ્યા ત્રણ છોકરાઓ વચ્ચે ઝઘડો થતા આ પ્રકાશને ઈજા પહોંચેલ હોવાનુ સાબીત થાય છે. રજુ થયેલ મૌખીક પુરાવો ધ્યાને લેતા, ફરીયાદપક્ષના કોઈપણ સાહેદ ધ્વારા બનાવ સમયે હાલના આરોપી હસમુખ મકવાણાનાઓ ધ્વારા ફરીયાદીના દીકરાને માર મારી, તેના ગળામા પહેરેલ સોનાની ચેઈન લુંટીને ભાગી જતા જોયેલ હોવાનુ જણાવવામા આવેલ નથી. ત્યારે ફરીયાદપક્ષના પુરાવામા રહેલ શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે.

(૪૧) વધુમાં, સદર કામે હાલના આરોપી તથા અન્ય બે કાયદાના સંઘર્ષમા કિશોરો વિરુધ્ધ પોલીસ ફરીયાદ દાખલ થતા કિશોર ચેતન ઉર્ફે ચીન્ટુ નરેશભાઈ નગવાડીયા નાઓએ આત્મહત્યા કરી લેતા હાલના ફરીયાદી વિરુધ્ધ પોલીસ કેસ થયેલ હોવાનુ અને જે પોલીસ કેસના કામે આરોપી જેલમા પણ રહેલ હોવાનુ પડેલ પુરાવાથી સાબીત થાય છે. રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા, બનાવ તારીખ : ૧૨/૯/૨૦૨૧ના રોજ સાંજના કલાક: ૫/૩૦ વાગ્યે આ કામના આરોપી હસમુખ અશ્વીનભાઈ મકવાણાનાઓએ ફરીયાદીના દીકરાને માર મારી તેના ગળામા પહેરેલ સોનાની ચેઈન લુંટી ત્યાથી ભાગી ગયેલ હોવાનુ સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે ત્યારે ફરીયાદપક્ષના પુરાવામા રહેલ શંકાનો લાભ ક્રિમીનલ જ્યુરીસપુન્ડસના સીધ્ધાંતો મુજબ આરોપીને આપવો જરુરી હોવાથી, સદર કામે ફરીયાદપક્ષ હાલના આરોપી સામે આક્ષેપીત ગુનો સાબીત કરવામા નિષ્ફળ નીવડેલ રહેલ હોવાનુ માની આ કામે ઘડવામા આવેલ મુદ્દા નં.૧ થી ૫ નો જવાબ ''**નકારમાં**''આપી,મુદ્દા નં.૬ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>–: હુકમ :–</u>**

(૧) આ કામનાં આરોપી હસમુખભાઈ અશ્વીનભાઈ મકવાણા, ઉવ.પુખ્ત. રહેવાસી: મકાન નં.આઈ./૧૬૯, મહેનતપુરા, આંબેડકરનગર કોલોની, એલીસબ્રીજ, અમદાવાદ શહેર નાઓને સેટેલાઈટ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર પાર્ટ એ.ગુના. રજી. નં.૧૧૧૯૧૦૪૨૨૧૦૪૯૧/૨૦૨૧ ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૪, ૨૯૪(ખ), ૩૨૩, ૩૨૪ તથા જી.પી.એકટ કલમ: ૧ ૩૫(૧) મુજબના ગુના કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામા આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ લાકડીનો અપીલ સમય બાદ ધોરણસર નિકાલ કરવો.

(૩) વધુમા આરોપીને સી.આર.પી.સી. કલમ: ૪૩૭(એ) મુજબ આદેશ કરવામા આવે છે કે, આ કામના તહોમતદારે અપીલ અદાલતમા હાજર રહેવા માટે છ માસના સમય મર્યાદાના રૂ.૧૫,૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરા)ના સધ્ધર સ્થાનિક જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની અદાલતમા લખી આપવા.

હુકમ આજ તારીખ :૧૭મી માહે : ફેબ્રુઆરી સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭–૦૨–૨૦૨૫.
અમદાવાદ.

**(દિપક હસમુખભાઈ ખંભાતી)**
બીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર
કોડ : જીજે–૦૦૮૬૬